શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ, સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૭, ગાંધીનગર
ફોન નં: ૦૭૯-૨૩૨૪૩૧૩૩
E-mail : gecell@gmail.com
Toll Free No.1800-233-7965

ક્રમાંક: એસએસએ/ક્યુ.ઈ.સેલ/૧/૨૦૨૦/ ૩૪૪૨૭.૪૬૫. તા:૨૧/૧૧/૨૦૨૦

પ્રતિશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા: તમામ

વિષય: "શાળા સિદ્ધિ" કાર્યક્રમ અંતર્ગત સ્વ-મુલ્યાંકન અને બાહ્ય મુલ્યાંકન કરવા બાબત
સંદર્ભ: અત્રેની કચેરીનો પત્રક્રમાંક: એસએસએ/ક્યુ.ઈ.સેલ/૨૦૨૦/૧૨૨૬૧-૩૩૭,તા:૨૧/03/૨૦

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં NIEPA ની ગાઈડલાઈન મુજબ "શાળા સિદ્ધિ" કાર્યક્રમ યોજવાનું નક્કી કરવામાં આવેલ. વર્ષ:૨૦૧૯-૨૦ માં કુલ ૬૩૪૩ માધ્યમિક શાળાઓમાં "શાળા સિદ્ધિ" કાર્યક્રમ અમલીકૃત છે. NIEPA ની ગાઈડલાઈન મુજબ આ શાળાઓમાં સ્વ-મુલ્યાંકનની કામગીરી કરવા સૂચના આપવામાં આવેલ હતી. વર્ષ:૨૦૧૯-૨૦ ની સ્વ-મુલ્યાંકનની કામગીરી ૩૦ નવેમ્બર ૨૦૨૦ બાદ ફ્રીઝ થનાર હોય આપના જીલ્લાની જે શાળાઓમાં સ્વ-મુલ્યાંકનની કામગીરી બાકી હોય તે શાળાઓ ૩૦ નવેમ્બર ૨૦૨૦ સુધીમાં સ્વ-મુલ્યાંકનની કામગીરી ફરજીયાત પૂર્ણ કરવાની રહેશે.

"શાળા સિદ્ધિ" કાર્યક્રમ અંતર્ગત શાળાઓમાં સ્વ-મુલ્યાંકન બાદ ત્રીજા (૧/૩) ભાગની શાળાઓમાં બાહ્ય મુલ્યાંકનની પ્રક્રિયા કરવાની થાય છે. સદર્ભદર્શિત પત્રથી "શાળા સિદ્ધિ" કાર્યક્રમ અંતર્ગત આ ૬૩૪૩ શાળાઓમાં સ્વ-મુલ્યાંકનની કામગીરી બાદ રાજ્યના દરેક બ્લોકમાંથી સરેરાશ ત્રીજા (૧/૩) ભાગની માધ્યમિક શાળાઓમાં બાહ્ય મુલ્યાંકન કરવા માટેની માર્ગદર્શિકા મોકલી આપવામાં આવેલ હતી. આ ઉપરાંત આ કામગીરી માટે ફાળવવામાં આવેલ જિલ્લાવાર ગ્રાન્ટ તથા ખર્ચ અંગેની વિગતો પણ મોકલવામાં આવેલ હતી. (પત્રની નકલ આ સાથે સામેલ છે.)

C:\Users\DELL 1\Desktop\SEC SIR.Docx

ઉક્ત બાબતોને ધ્યાને લઇ આગામી ૨૦ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં આપેલ માર્ગદર્શિકા મુજબ ત્રીજા (૧/૩) ભાગની માધ્યમિક શાળાઓમાં બાહ્ય મુલ્યાંકનની કામગીરી પૂર્ણ કરવા વિનંતી છે.

આ કામગીરી માટે જિલ્લા કક્ષાએ નોડેલ ઓફિસરશ્રીની નિયુક્ત કરી દર શુક્રવારે કામગીરીનો પ્રગતિ અહેવાલ અત્રેની કચેરીને qecell@gmail.com પર મોકલી આપવા વિનંતી છે.

માન. એસ.પી.ડી.શ્રીનાં આદેશાનુસાર"

સચિવ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

નકલ સવિનય રવાના:

- માન. એસ.પી.ડી.શ્રી, સદર કચેરી
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર
- માન. એ.એસ.પી.ડી.શ્રી, સદર કચેરી

જા.નં./RMSA/2020/1233
તા- 26/11/20

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ શાળાઓ.
જિ. સુરત

વધુ ઉપરોક્ત બાબતની સત્વરે પૂર્ણ કરી તેમજ બાબતોની જાણ અત્રે કરવા આદેશ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.

C:\Users\DELL 1\Desktop\SEC SIR.Docx